પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૦૨ | ૧૨ જાન્યુઆરી, ૨૦૨૧, મંગળવાર; માગશર વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કૃષિ કાયદા મામલે સુપ્રીમ લાલઘૂમ

## કૃષિ કાયદાને કેન્દ્ર સરકાર રોકશે કે અમે પગલાં લઈએ : સુપ્રીમ કોર્ટ



**કૃષિ કાયદાને રદ કરવાની અરજી પર સુપ્રીમમાં સુનાવણી : કેન્દ્રના વલણ સામે સુપ્રીમની ઉગ્ર ટકોર : કોર્ટ પાસે આવી એક પણ દલીલ નથી આવી જેમાં આ કાયદાની પ્રશંસા થઇ હોય, સરકાર કમિટિ બનાવે**

નવી દિલ્હી, તા.૧૧

નવા કૃષિ કાયદાને રદ કરવાની અરજી અંગે સુપ્રીમ કોર્ટમાં આજે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં સરકાર સામે કોર્ટનું કડક વલણ જોવા મળ્યું હતું. કોર્ટે કહ્યું કે, આંદોલનમાં ખેડૂતોની જાન જઈ રહી છે. આવામાં સરકાર અત્યારે આ કાયદાઓ પર રોક લગાવશે કે અમે પગલાં ભરીએ?

ચીફ જસ્ટિસ એસ એ બોબડેએ ખેડૂતોને કહ્યું કે, અમે કૃષિ કાયદો લાગુ નહીં થવા દઈએ. તમે આંદોલન ચાલું રાખી શકો છો, પણ સવાલ એ છે કે શું પ્રદર્શન ત્યાં જ ચાલું રહેશે, જ્યાં હાલ થઈ રહ્યુ છે? જો કંઈ પણ ખોટું થશે તો અમે બધા તેના જવાબદાર હોઈશું. જો ખેડૂતો વિરોધ કરી રહ્યાં છે તો અમે ઈચ્છીએ છીએ કે કમિટી તેનું સમાધાન કરે. અમે કોઈને પણ પ્રદર્શન કરવા માટે ના કરી શકતાં નથી. અમે તે ટિકા પોતાના માથે ન લઈ શકીએ કે, અમે કોઈ પક્ષમાં

● અનુસંધાન પાન-૭ પર

## રસી અંગે અફવા પર અંકુશની જવાબદારી રાજ્યોની : મોદી

**કોરોના સામેના જંગ માટે દેશ સંપૂર્ણ સજ્જ : વડાપ્રધાન મોદીએ દેશના તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે રસીકરણની તૈયારીઓને મુદ્દે વર્ચ્યુઅલ બેઠક કરી**

નવી દિલ્હી, તા.૧૧

કોરોના મહામારી વિરુદ્ધ જંગમાં ભારત નિર્ણાયક મુકામે પહોંચતા દેશભરમાં રસીકરણ અભિયાન શરુ કરવાની તૈયારીઓ પૂરી કરી ચૂક્યુ છે. ૧૬ જાન્યુઆરીથી દેશભરમાં કોરોના રસીકરણ અભિયાનનો પહેલો તબક્કો શરુ કરાશે. આ પહેલા સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે રસીકરણની તૈયારીઓને મુદ્દે વર્ચ્યુઅલ બેઠક કરી હતી.

રસીકરણ અભિયાનના પહેલા તબક્કાને લઈને યોજાયેલી આ ઉચ્ચસ્તરીય બેઠક બાદ પીએમ મોદીએ દેશવાસીઓને સંબોધન કરતા જણાવ્યું કે, દેશ કોરોના મહામારી સામેની જંગમાં નિર્ણાયક તબક્કામાં પહોંચી ગયું છે અને ભારત દેશ વિશ્વના સૌથી મોટા રસીકરણ કાર્યક્રમની શરુઆત કરવા જઈ રહ્યો છે.

રાજ્ય સરકારો અને કેન્દ્રની રસીકરણ અભિયાનને શરુ કરવાની તૈયારીઓને લઈને પીએમ મોદીએ જણાવ્યું કે, દેશના તમામ જીલ્લાઓમાં ડ્રાય રન પૂરો કરવામાં આવ્યો છે, એક મોટી સિદ્ધિ છે. રસીકરણના પહેલા તબક્કા વિશે માહિતગાર કરતા પીએમ મોદીનું કહેવુ હતું કે,



દેશભરમાં આવા કુલ ૩ કરોડ કર્મચારીઓને પહેલા તબક્કામાં આવરી લેવામાં આવશે જેનો ખર્ચ કેન્દ્ર સરકાર ઉઠાવશે. આ સિવાય ૨૭ કરોડ લોકોને પણ રસીકરણના પહેલા તબક્કામાં રસી લગાવવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના વેક્સીનને મુદ્દે અફવાઓથી બચવાની સલાહ આપતા કહ્યું હતું કે રસીને લઈને આવી રહેલી અફવાઓ પર અંકુશ મેળવવાની જવાબદારી રાજ્ય સરકારોની છે.

## કોવિશિલ્ડના ૧૧ મિલિયન ડોઝ સરકારે ખરીદ્યા

**દેશમાં ડોઝની કિંમત ૨૧૦ રૂપિયા : સીરમે ઓક્સફોર્ડ-એસ્ટ્રાઝેનેકાએ તૈયાર કરેલી વેક્સિનનું ઉત્પાદન કર્યું છે**

નવી દિલ્હી, તા.૧૧

ભારતમાં૧૬ જાન્યુઆરીથી દેશભરમાં કોરોના વેક્સિન આપવાની શરૂઆત થવાની છે. તે માટે સરકારે સોમવારે સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયાને વેક્સિન કોવિશિલ્ડના ૧૧ મિલિયન ડોઝનો ઓર્ડર આપ્યો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, સીરમ ઈન્સ્ટિટ્યુટને સરકાર દ્વારા વેક્સિન ખરીદવાનો ઓર્ડર મળ્યો છે. અધિકારીઓએ ઉમેર્યુ હતું કે, વેક્સિનની કિંમત ૨૧૦ પ્રતિ વાયલ (ડોઝ) હશે.

સરકારે કોવિડ-૧૯ની વેક્સિન માટે બે કંપનીઓને મંજૂરી આપી છે. સરકારે સીરમ ઈન્સ્ટિટ્યુટની કોવિશિલ્ડ અને ભારત બાયોટેકની કોવેક્સિનને મંજૂરી આપી છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે દેશભરમાં ૧૬ જાન્યુઆરીથી રસીકરણની શરૂઆત થશે. સીરમે ઓક્સફોર્ડ-એસ્ટ્રાઝેનેકા દ્વારા તૈયાર કરવામાં આવેલી વેક્સિનનું ઉત્પાદન કર્યું છે. દેશમાં હેલ્થકેર વર્કર્સ અને ફ્રન્ટલાઈન વર્કર્સને સૌ પ્રથમ વેક્સિન આપવામાં આવશે અને તેમની સંખ્યા ત્રણ કરોડ જેટલી છે.



## મકરસંક્રાંતિ પૂર્વે સરકારનો ખેલ પાડવા આરજેડીનો પડકાર

**બિહારમાં રાજકીય સ્થિતિ હાલકડોલક : જેડીયુના ૧૭ ધારાસભ્ય આરજેડીમાં આવવા માટે તૈયાર**

પટણા, તા.૧૧

બિહારમાં ભલે સરકાર બની ગઈ હોય પરંતુ અહીં બધું જ બરાબર ચાલી રહ્યું નથી. નીતીશકુમાર ભાજપ પર નિશાન સાંધી રહ્યા છે તો રાષ્ટ્રીય જનતા દળ જેડીયુને તોડવાનો દાવો કરી રહ્યા છે. આ સિલસિલામાં હવે બિહાર ભાજપના પ્રભારી ભુપેન્દ્ર યાદવએ નવો દાવો કર્યો છે. ભુપેન્દ્ર યાદવે તેજસ્વી યાદવને કહ્યું કે મકરસંક્રાંતિ બાદ તેઓ પોતાની પાર્ટીને બચાવી શકે તો બચાવી લે નહીં તો તેમની પાર્ટીમાં તિરાડ પડવાનું નક્કી છે.

ભુપેન્દ્ર યાદવે કહ્યું કે આરજેડીમાં લાલુના પરિવારવાદથી નેતાઓમાં ગુસ્સો છે. તેમણે દાવો કર્યો કે સંક્રાંતિ બાદ તેમની પાર્ટી તૂટવાથી બચાવી શકશે નહીં. ભુપેન્દ્ર યાદવ રવિવારના રોજ પટના જિલ્લા કાર્યસમિતિની બેઠકના અંતિમ સત્રને સંબોધિત કરી રહ્યા હતા.

ભુપેન્દ્ર યાદવના દાવાનો જવાબ આપવા માટે આરજેડીની તરફથી પાર્ટી પ્રવકતા મૃત્યુંજય તિવારી સામે આવ્યા અને ભુપેન્દ્ર યાદવની ચેતવણીનો જડબાતોડ જવાબ આપ્યો. અમારી ચેલેન્જ છે ભાજપને બિહારમાં જો સરકારને બચાવી શકે તો બચાવી લે. ભાજપ બહુ છટપટ

● અનુસંધાન પાન-૭ પર

## નવ રાજ્યોમાં બર્ડ ફ્લૂનું સંકટ ઘેરાયું

નવી દિલ્હી, તા.૧૧

દેશમાં બર્ડ ફ્લૂનો સંકટ વધી રહ્યો છે. અત્યાર સુધી ૯ રાજ્યોમાં બર્ડ ફ્લૂની પુષ્ટિ થઈ ચૂકી છે. ઉત્તર પ્રદેશના કાનપુરના બર્ડ ફ્લૂના મામલા સામે આવી ચૂક્યાં છે.

મહારાષ્ટ્ર પશુપાલન કમિશનર સચિન્દ્ર પ્રતાપસિંહે કહ્યું કે રાજ્યમાંથી લેવામાં

**કાનપુરના પક્ષીઘરમાં મરેલા પક્ષીનાં સેમ્પલ પોઝિટિવ : દિલ્હી, મહારાષ્ટ્રમાં બર્ડ ફ્લૂની પુષ્ટી : એમપી, રાજસ્થાન, ગુજરાત, હિમાચલ, હરિયાણા, કેરળમાં મામલા સામે આવ્યા**

ચિડિયાઘરમાં મરી ગયેલા પક્ષીઓના સેમ્પલ પોઝિટિવ આવ્યા છે. જ્યારે દિલ્હી અને મહારાષ્ટ્રમાં બર્ડ ફ્લૂની પુષ્ટિ થઈ છે. ઉપરાંત મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, હિમાચલ પ્રદેશ, હરિયાણા અને કેરળમાં આવેલા નમૂનાઓમાં એવિયન ઈન્ફલ્યુએન્ઝા વાયરસની પુષ્ટિ થઈ છે. બર્ડ ફ્લૂનો ફેલાવો રોકવા માટે પરભણી અને લાતુરના કેન્દ્રોથી એક કિલોમીટરના ત્રિજ્યાની અંદર પક્ષીઓને મારવાનો હુકમ કરવામાં આવ્યો છે.

ઉત્તર પ્રદેશ પશુપાલન વિભાગે અનેક સાવચેતીના પગલા ભર્યા છે. લોકોને ઝૂ અને પક્ષી અભયારણ્યમાં જવાથી બચવાની અપીલ કરવામાં આવી રહી છે અને કહેવામાં આવી રહ્યું છે કે, પક્ષીઓના સંપર્કમાં આવવાથી બચે. પ્રશાસનને કહેવામાં આવ્યું છે કે, કોઈપણ પક્ષીની અપ્રાકૃતિક મોતની જાણકારી આપવામાં આવે.

સાથે જ પંજાબમાં ગુરૂ અંગદ દેવ વેટરનરી એન્ડ એનિમલ સાઈન્સ યુનિવર્સિટીએ રવિવારે પોલ્ટ્રી ખેડૂતો અને ચિકન



ખાનારાઓ માટે એક એડવાઈઝરી રજૂ કરી છે.

ઉપરાંત ગુજરાતમાં બારડોલીના મઢીમાં મળેલા મૃત કાગડાનો બર્ડ ફ્લૂ રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## અશ્વિન-વિહારીની લડાયક બેટિંગ : સીડની ટેસ્ટ ડ્રો

**વિહારી-અશ્વિનની અણનમ ૬૨ રનની ભાગીદારી : ઓસ્ટ્રેલિયાએ આપેલા ૪૦૭ રનના પડકારનો સામનો કરતા ભારતે બીજી ઈનિંગ્સમાં ૫ વિકેટે ૩૨૪ રન કર્યા**

સિડની, તા.૧૧

ભારત અને ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ સિડનીમાં રમાયેલી ત્રીજી ટેસ્ટ ડ્રો થઈ છે. આ મેચને ડ્રો કરાવવામાં આર અશ્વિન અને



હનુમા વિહારીનું મોટું યોગદાન રહ્યું. હનુમા વિહારી અને અશ્વિને ૨૫૬ બોલમાં અણનમ ૬૨ રનની પાર્ટનરશિપ કરી હતી. હનુમા વિહારીએ ઈજાગ્રસ્ત હોવા છતાં ૧૬૧ બોલમાં ૨૩ રન કર્યા હતા.

હનુમા વિહારીને બીજી પારીમાં બેટિંગ દરમિયાન ઈજા પહોંચી હતી. તે રન પણ દોડી શકતો નહોતો. પરંતુ તેમ છતાં તેણે મેચ ડ્રો કરાવી હતી. હનુમા વિહારીની આ પારીના વખાણ આઈસીસીએ પણ કર્યા છે.

આઈસીસીએ ટ્વિટ કરી સિડની ટેસ્ટ મેચના પાંચમાં દિવસે હનુમા વિહારીના ઉત્સાહને સલામ કરી છે. રવિચંદ્રન અશ્વિન અને હનુમા વિહારીએ છઠ્ઠી વિકેટ માટે ૨૫૮ બોલમાં ૬૨ રનની ભાગીદારી કરી. અશ્વિને ૧૨૮ બોલમાં ૭ ફોરની મદદથી ૩૯ રન કર્યા. જ્યારે વિહારીએ ૧૬૧ બોલમાં ૪ ફોરની મદદથી ૨૩ રન કર્યા. આ છઠ્ઠી વિકેટ માટે બોલના માર્જિનથી સૌથી મોટી પાર્ટનરશિપ છે. ઓસ્ટ્રેલિયાએ ટીમ ઈન્ડિયાને ૪૦૭ રનનો ટાર્ગેટ આપ્યો હતો. જવાબમાં પાંચમાં દિવસે ભારતે બીજી પારીમાં પાંચ વિકેટ ગુમાવી ૩૩૪ રન કર્યા. દિવસના અંતે એક ઓવર બાકી રહેતાં ઓસ્ટ્રેલિયાના કેપ્ટન ટિમ પેને મેચ ડ્રો કરવાની જાહેરાત કરી હતી. હવે ૧૫ જાન્યુઆરીએ બ્રિસ્બેનમાં ચોથી ટેસ્ટ રમાશે. જ્યારે પ્રથમ પારીમાં પેટ કમિંસના બોલ પર ઈજાગ્રસ્ત થયેલા ઋષભ પંતે ૧૧૮ બોલમાં ૯૭ રન કર્યા હતા. જેના કારણે ઓસ્ટ્રેલિયાના જીતના સપના પર પાણી ફરી વળ્યું હતું. ઉપરાંત અશ્વિને ૧૨૮ બોલમાં ૩૯ રનની અણનમ પારી રમી. ભારતને જીત માટે ૪૦૭ રનની જરૂર હતી. પરંતુ ચોથા દિવસે રોહિત શર્મા (૫૨) અને શુભમન ગિલ (૩૧) રને આઉટ થયા બાદ ઓસ્ટ્રેલિયાની જીત નિશ્ચિત લાગવા લાગી હતી.

## સેન્સેક્સ પ્રથમ વખત ૪૯ હજારને પાર

**ટેકનો શેરોમાં ઉછાળો જોવા મળ્યો : આઇટી ઇન્ડેક્સમાં ત્રણ ટકાનો ઉછાળો, મેટલ અને પીએસયુ બેંક સૂચકાંકોમાં એક-એક ટકાનો ઘટાડો જોવાયો**

નવી દિલ્હી, તા.૧૧

સોમવારે સ્થાનિક શેર બજારોમાં જોરદાર લેવાલી જોવા મળી હતી. ટાટા મોટર્સ, ઈન્ફોસીસ, એચડીએફસી, એચસીએલ ટેક, ટીસીએસ જેવી કંપનીઓના શેર ખરીદવાને કારણે સપ્તાહના પહેલા દિવસે ઘરેલું શેરબજારો નવી વિક્રમ ઉંચાઇ સાથે બંધ થયા છે. બીએસઈ સેન્સેક્સ ૪૮૬.૮૧ પોઈન્ટ અથવા એક ટકાના વધારા સાથે ૪૯,૨૬૯.૩૨ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ સમયે, એનએસઈ નિફ્ટી ૧૩૭.૫૦ પોઈન્ટ અથવા ૦.૯૬ ટકા વધીને ૧૪,૪૮૪.૮૦ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો છે. ક્ષેત્રોની વાત કરીએ તો આઈટી ઈન્ડેક્સમાં ત્રણ ટકાનો ઉછાળો જોવાયો હતો. તે જ સમયે, ઓટો ઈન્ડેક્સમાં ૨.૬ ટકાનો વધારો જોવા મળ્યો હતો અને એફએમસીજી અને ફાર્મા ઈન્ડેક્સમાં એક-એક ટકાનો ઉછાળો આવ્યો હતો. બીજી બાજુ, મેટલ અને પીએસયુ બેંક સૂચકાંકોમાં એક-એક ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ પર, એચસીએલ ટેકના શેરમાં ૬.૦૯ ટકા સૌથી વધુ વધારો થયો. તે જ સમયે, ઈન્ફોસીસમાં ૪.૯૦ ટકા, એચડીએફસીના શેરમાં ૩.૫૪ ટકા, મારુતિમાં ૨.૭૫ ટકા અને ટેક મહિન્દ્રાના શેરમાં ૨.૫૧ ટકાનો ઉછાળો જોવાયો હતો.

## અનુષ્કાએ પુત્રીને જન્મ આપ્યો, વિરાટ પિતા બન્યો

મુંબઈ, તા.૧૧

ટીમ ઈન્ડિયાના કપ્તાન વિરાટ કોહલીની અભિનેત્રી પત્ની અનુષ્કા શર્માના ઘરે દિકરીનો જન્મ થયો છે. વિરાટ અને અનુષ્કાના કરોડો ચાહકો પણ એ પળની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા. વિરાટ અને અનુષ્કાના ઘરે દીકરી અવતરી છે. અનુષ્કાના અવરાતનારા બાળકને લઈને ભવિષ્યવાણી થઈ હતી. જાણિતા જ્યોતિષ પંડિત જગન્નાથ ગુરૂજીએ કહ્યું છે કે, વિરાટ અને અનુષ્કાના ઘરે એક નાની પરી જન્મ લેશે. જે આજે સાચી પડી છે.

● અનુસંધાન પાન-૭ પર




